# કોરોનાની લક્ષ્મણરેખા દોરવા યોજાઈ રહી છે કાવ્ય મહેફિલ




ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે તેમની નિયમિત માસિક બેઠક યોજવામાં આવે છે. કોરોના મહામારીના કારણે અત્યારે લોક ડાઉન હોવાથી આ વખતે ગાંધીનગર સાહિત્યસભા વેબિનાર દ્વારા એમની કાવ્ય મહેફિલ યોજી રહ્યું છે.

કોરોનાની લક્ષ્મણરેખા કાવ્ય દ્વારા દોરવા ખાસ આમંત્રિત તરીકે કવિ ભાગ્યેશ જહા સાહેબ ઉપસ્થિત રહેશે. જ્યારે ગુજરાતના ખ્યાતનામ ગઝલકાર કવિ કિશોર જિકાદરા અન્ય મુખ્ય કવિ રહેશે.

આ સાથે કવિ પ્રતાપસિંહ ડાભી, કવિ રમેશભાઈ ઠક્કર પણ કાવ્ય પ્રસ્તુતિ કરશે. આ પ્રસંગે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહા સાહેબ શુભકામનાઓ આપવા ઓનલાઈન હાજરી આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. દિશા પોપટ કરશે. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે સૌને રવિવાર દિનાંક ૧૦ મે સાંજે બરાબર સાડા પાંચ વાગ્યે ઝુમ એપ્લિકેશન દ્વારા જોડાઈ જવા આમંત્રણ આપ્યું છે. આનો મિટિંગ આયડી અને પાસવર્ડ ફેસબુક અને વોટ્સેપ દ્વારા આપવામાં આવશે. આ માટે પ્રચાર પ્રસાર પ્રતિનિધિ અજય રાવલ મોબાઈલ નંબર. ૯૭૨૩૧૩૨૮૯૨ પર સંપર્ક કરી શકશો.

# ગણપત યુનિવર્સિટી દ્વારા એક દિવસીય ઓનલાઈન નેશનલ - વર્કશોપ યોજાયો

## ‘બ્લોક ચેઈન ટેકનોલોજી’ ઉપરના વેબિનારમાં દેશભરમાં ૩૪૪ જેટલાં કોમ્પ્યુટર નિષ્ણાતો ઓનલાઈન ઉપસ્થિત રહ્યા

ગણપત વિદ્યાનગર, તા.૮

ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેઓશન અને એસી. એમ. અમદાવાદ પ્રોફેશનલ ચેપ્ટરનાં સંયુક્ત ઉપક્રમે ગઈ તારીખ ૨જી મેના રોજ, ‘બ્લોક ચેઈન ટેકનોલોજી’ ઉપર એક દિવસના નેશનલ લેવલના ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂણેની કાશીલા નાવલે એન્જિ. કૉલેજના પ્રોફેશર અને આ વેબિનારના - વર્કશોપના કિ-નોટ સ્પીકર ડૉ. પરિક્ષીત મહલ્લેએ બ્લોક ચેઈન ટેકનોલોજીના વિવિધ પાસાઓ વિશે વિશદ્ છણાવટ કરી અને તે અંગેની મુશ્કેલ સમસ્યાઓને સરળતાથી સમજવાની ચાવીઓ બતાવી હતી. તો ‘ઈન્ટેલીસેન્સ આઈટીસિસ પ્રા. લિ.’ કંપનીના એમ.ડી. અને સીઈઓ ડૉ. કલ્પેશ પરીખે વિશેષ નિષ્ણાત તરીકે બ્લોક ચેઈન ટેકનોલોજી સાથે જોડાયેલા ક્રિપ્ટો કરન્સી, એથેરમ, હાઈપર લેજર અને અન્ય એડવાન્સ વિષયો સંબંધે વિગતે ચર્ચા કરી હતી અને અને સહભાગી પ્રાધ્યાપકોએ કરેલા પ્રશ્નોનાં સંતોષકારક જવાબો આપ્યા હતા.

ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશનના એક્ઝિક્યુટીવ ડીન પ્રો. ડૉ. સત્યેન પારેખે વર્કશોપના પ્રારંભે સંબોધન કરતા સૌ પ્રાધ્યાપક - મિત્રોને આવકાર્યા હતા. વર્કશોપના આયોજન અને મહત્ત્વની ભૂમિકા સમજાવ્યા હતા.

ગણપત યુનિ.ના પ્રો. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ પ્રો. ડો. મહેન્દ્ર શર્માએ એમના સંબોધનમાં દેશભરમાં વિવિધ રાજયોમાંથી જોડાયેલાં સૌ વિદ્વાનો અને કોમ્પ્યુટર સાયન્સના નિષ્ણાત પ્રાધ્યાપકોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. અને પ્રવર્તમાન કોરોનાગ્રસ્ત પરિસ્થિતિના સંદર્ભે જણાવ્યું હતું કે આ મહામારી સામેની લડાઈમાં સૌએ પોતાના તરફથી કોઈને કોઈ રીતે મહત્ત્વનું યોગદાન કરવું જોઈએ.

પૂરા દિવસના આ રાષ્ટ્રીકક્ષાના ‘બ્લેક ચેઈન ટેકનોલોજી’ જેવા મહત્ત્વના કોમ્પ્યુટર સંબંધિત વિષય ઉપરના વર્કશોપમાં દેશભરમાં અનેક રાજયોમાંથી ૩૪૪ જેટલા કોમ્પ્યુટર સાયન્સ - એન્જિનિયરિંગ વિષયના અભ્યાસુ - નિષ્ણાત પ્રાધ્યાપકો ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા; આ રાજયોમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, પંજાબ, ઓડિશા, રાજસ્થાન, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, ન્યૂ દિલ્હી અને આંધ્રપ્રદેશ જેવા રાજયોનો સમાવેશ થાય છે. કેટલાક ચૂનંદા ઈન્સ્ટિટયુટ - યુનિવર્સિટીઓનાં નામોનાં આઈઆઈએસટી - ઈન્દોર; આઈટીસી એકેડમી - ચેન્નાઈ, એન.આઈ.ટી - ઉત્તારાખંડ, યુઆઈઈટી, કુરુક્ષેત્ર; એમ.આઈ.ટી., ઔરંગાબાદ, પંજાબ યુનિ., ચંડીગઢ; ટીસીએસ - ગાંધીનગર, સેપ્ટ યુનિવર્સિટી - અમદાવાદ; કેઆઈઆઈટી યુનિવર્સિટી - ભૂવનેશ્વર; પીઆઈસીટી - પૂણે, એનઆઈટી - શ્રીનગર; આઈઈએસ - કેરળ, આઈપીઆર - ગાંધીનગર અને નિરમા યુનિ.,- અમદાવાદનો સમાવેશ થાય છે.

સાંજે વર્કશોપના સમાપન અવસરે ગણપત યુનિ.ની ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન્સના એસો. પ્રોફેશર ડૉ. જયોતિન્દ્ર ધારવાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્કશોપને અસાધારણ સફળતા અપાવનાર સૌ પ્રાધ્યાપક-મિત્રોનો આભાર માન્યો હતો.

વર્કશોપનના અંતે સહભાગી બનેલા તમામ વિદ્વાનોએ સુંદર અને અર્થપૂર્ણ આયોજન માટે ગણપત યુનિવર્સિટીનો આભાર માની આનંદ વ્યક્ત કર્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

કોઈના સાથ માટે ક્યારેય આજીજી ના કરો, જો એ તમારા જીવનનો હિસ્સો હશે તો તમારી સાથે જ રહેશે...

## જન્મદિને વધામણી



વૈદેહી રીકીન સોની



ધાનવી જગદીશભાઈ પ્રજાપતિ
મો. ૯૯૨૫૩ ૮૧૬૧૭



અંશ અમિતભાઈ પ્રજાપતિ
મો. ૯૯૯૮૭ ૭૫૭૭૩



પ્રિયાંક પટેલ
મો. ૮૨૦૦૨ ૧૫૨૪૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# નાટ્યકલાકારો દ્વારા ‘કોરોના અંગે જાગૃતિ’ માટે વીડિયો બનાવવામાં આવ્યો

ગાંધીનગર, તા.૮

કોરોના મહામારી મોટા પ્રમાણમાં ફેલાઈ રહી છે ત્યારે સાબરકાંઠાના ગૌરવ પુરસ્કાર નાટ્યકાર અને ફિલ્મ નિર્માતા ભરત વ્યાસ દ્વારા સોગંધ હૈ ઈસ મીટી કી ગીત સંવાદ સાથે અલગ સંદેશ આપતો વીડિયો બનાવવામાં આવ્યો છે.

આ વીડિયોમાં કોરોના દેશમાંથી કઈ રીતે નાબુદ થઈ શકે એ અંગે હકારાત્મક




સંવાદ છે. વીડિયોમાં ભરત વ્યાસ, રાજન વ્યાસ, પ્રકાશ વૈદ્ય, જયપ્રકાશ જોશી, મહેશ પંડ્યા, નીલ શાહ, ડોલી પંચાલ, બારતી ઉદાસી, સાગર વ્યાસ, કેવીન મોદી, રેણુકા વ્યાસ, ભાવીકા પટેલ, આયુષી મોદી, ચેતના ભટ્ટ, શ્વેતા પંચાલ જેવા સાબરકાંઠા, ગાંધીનગર, વડોદરા, રાજકોટના કલાકારે અભિનય આપ્યો હતો.

## વતનમાં જવાની રાહ જોઈ રહેલા પરપ્રાંતીયો...



કોરોનાનાં વ્યાપને અટકાવવા લોક ડાઉન લંબાવી દેવાયું છે ત્યારે રાજ્યમાં પર પ્રાંતિયો કામકાજ અને નાણાં વગર બેબાકળા બન્યા છે. આ શ્રમજીવીઓ ગાંધીનગર અને અડાલજ થી છેલ્લા કેટલાય સમયથી ગાંધીનગર સેકટર-૧૬માં ઝાડ નીચે આશરો લઈ બેઠા છે. સરકાર દ્વારા શ્રમિકોને વતન પરત મોકલવાની જાહેરાત થી મનમાં થોડી રાહત થઈ છે. તેના માટે નામ નોધણી કરાવવા લાંબી કતારો લાગી ગઈ છે. પોતાના નામ તો રજીસ્ટર થઈ ગયા છે. પણ વતન જવાનો નંબર આવતો નથી. સવાર સાંજ કલેકટર કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે. કોઈ સેવાભાવી જમવાનું કે રાશન આપી જાય તો દિવસ નીકળી જાય છે. આ પર પ્રંતિયો મહિલા અને બાળકોને લઈ વતનમાં જવાનો વારો ક્યારે આવશે તેની રાહ જોઈ રહ્યા છે.





આંતરરાષ્ટ્રીય સંસ્થા રેડક્રોસ સોસાયટીના સ્થાપક હેન્રી ડુનાન્ટના જન્મદિવસ ૮મી એ આખા વિશ્વમાં રેડક્રોસ દિવસ ઉજવાયો હતો. ભારતમાં ૧૯૨૦માં સ્પેશિયલ પાર્લામેન્ટ એકટ દ્વારા રેડક્રોસ સંસ્થાની સ્થાપના થઈ હતી. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી કલોલ ખાતે બ્લડ ડોનેશન કરી રેડક્રોસ સ્થાપના દિવસ ઉજવાયો હતો.

# કોરોના વાઈરસની મહામારીમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે આર્થિક સહયોગ અને રક્તદાન માટેની અપીલ

ગાંધીનગર, તા.૮

દેશ વિદેશમાં ફેલાયેલ કોરોના વાઈરસ મહામારીને મહાત્ત કરવા સમસ્ત જણસારી સમાજ, ગાંધીનગરના સર્વે જ્ઞાતિજનોને જાગૃત નાગરિક તરીકે સરકારશ્રીના નિયમોનું પાલન કરવા, ઘરમાં રહો, સુરક્ષિત રહો. અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવા નમ્ર અપીલ કરવામાં આવે છે. આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવી PM Care ફંડ તેમજ CM રીલીફ ફંડમાં સંસ્થાએ ફાળો લખાવેલ છે. આપે પણ યથાશક્તિ ફાળો આપવો, જરૂરિયાતમંદને મદદ કરવી અને સ્વેચ્છએ રક્તદાન કરવા નમ્ર વિ. રક્તાદાનના આ મહાઅભિયાનમાં ૧૮ થી ૬૫ વર્ષની દરેક તંદુરસ્ત વ્યક્તિ દર ત્રણ મહિને રક્તદાન કરી શકે છે. દાન તો ગુજરાતીઓના લોહીમાં જ છે તો લોહીનું દાન કેમ નહીં? રક્તાદાન થકી કોઈનું જીવન બચાવવા આપણે સહભાગી થઈએ અને અન્ય ને પ્રેરણા પૂરી પાડીએ.

આવા સંકટ સમયે સેવાકીય કાર્ય કરનારની વિગતો મોકલવામાં આવશે તો કોરોના વોરિયર્સ તરીકે તેઓનું યથાશક્તિ સન્માન કરવામાં આવશે. PM - CM ફંડમાં ફાળો આપનારે પણ વિગત મોકલી આપવી. સંસ્થાને સ્વેચ્છાએ આર્થિક સહયોગ આપશો. એમ સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણે જણાવેલ છે. અને વધુ વિગતો માટે મો : ૯૪૨૭૦ ૫૬૮૪૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.



કોરોના વાઈરસે ગુજરાત અને દેશમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે કોરોનાના દર્દીઓ અને તેમને બચાવનારા કોરોના વોરિયર્સને લોહીની અછત ન વર્તે તે માટે ગાંધીનગરના પાર્થ પરમારે પોતાના જન્મદિવસે બ્લડ ડોનેટ કર્યું હતું અને યુવાનો પણ બ્લડ ડોનેટ કરવાની પ્રેરણા આપી હતી.



શહેરમાં કોરોના મહમારીએ કહેર મચાવ્યો છે. ત્યારે તંત્ર તરફથી આ મહામારી અટકાવવા કોઈ કચાશ રાખવામાં આવી નથી. સેકટરોમાં રસ્તાઓ અને મકાનો પર સેનિતાઈઝેરનાં છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

# હું ફોટોગ્રાફીના ક્ષેત્રમાં આગળ વધવા માંગુ છું... શું કરવું?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧.મે ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે.હું ફોટોગ્રાફી ક્ષેત્ર માં આગળ વધવા માંગુ છું.એક સફળ ફોટોગ્રાફર બનવા માટે શું કરવું**
**- અભિ પટેલ, વિસનગર**

સૌપ્રથમ તો આપને જણાવવા માંગુ છું કે ફોટોગ્રાફી એવું ક્ષેત્ર છે એના માટે બે સૌથી મહત્વ ની બાબતો ઉપર ધ્યાન આપવું જરૂરી છે એક છે આ ક્ષેત્ર માટે આપની રુચિ અને એમાં સફળ થવા માટેની ગંભીરતા.આપની વાત ઉપર થી આપણે રુચિ તો સાબિત થાય છે પણ એના માટે આપ કેટલા ગંભીર છો એ આપે પોતે જ નક્કી કરવું રહ્યું.આજ કાલ ના યુવાનોમાં ફોટોગ્રાફી નો શોખ એક સામાન્ય બાબત બની ગઈ છે.જેના હાથમાં ડી.એસ.એલ.આર કેમેરા આવી જાય એ પોતાને મહાન ફોટોગ્રાફર માનવા લાગે છે.જે ખોટી બાબત છે.આપે કોઈ પણ ક્ષેત્ર માં કરિયર બનાવવા માટે આપે એના ઉપર મેહનત કરવી આવશ્યક છે. એક ફોટોગ્રાફર ઈવેન્ટ્સ રેકોર્ડ કરે છે અને છબીઓનો ઉપયોગ કરીને



વાર્તાઓ કહે છે. તે લોકો, સ્થાનો, ઈવેન્ટ્સ અને ઑબ્જેક્ટ્સના ફોટો લે છે. ફોટોગ્રાફરો ઘણી વખત ફોટોગ્રાફીના પ્રકારમાં વિશેષતા ધરાવે છે. પોર્ટ્રેટ ફોટોગ્રાફર , સ્ટુડિયોમાં અથવા વિવિધ સ્થળોએ સાઈટ પરના લોકોના ફોટો લે છે. કેટલાક સ્કૂલના પોર્ટ્રેઈટ્સ અથવા બાળકના ફોટો લે છે વાણિજ્ય ફોટોગ્રાફર્સ એવા ફોટો ખેંચે છે જેનો ઉપયોગ પુસ્તકો, જાહેરાતો અને કેટલોગમાં થાય છે.વૈજ્ઞાનિક અથવા તબીબી માહિતીના ચિત્રોને રેકોર્ડ કરવા માટે વૈજ્ઞાનિક ફોટોગ્રાફરો તેમની વૈજ્ઞાનિક કાર્યવાહીનો ઉપયોગ કરે છે. જો તમે આ કારકિર્દી પર વિચાર કરો છો, તો તમારે તે વિશે જાણવું જોઈએ તે પ્રથમ વસ્તુ એ છે કે જો તમે દરરોજ ઘરની નજીક રહેવા અથવા કામ કરવા માંગતા હો, તો તે તમારા માટે ન પણ હોઈ શકે. ફોટોગ્રાફરો ઘણીવાર રસ્તા પર સમય વિતાવે છે કેટલીકવાર તેનો અર્થ એ છે કે ફોટો શૉટ કરવા માટે નજીકમાં જવું, પરંતુ તે દૂરના સ્થાનો પર મુસાફરી કરી શકે છે. બીજી વસ્તુ જે તમને ખબર હોવી જોઈએ તે છે રોજગાર ઘણીવાર અસંગત છે. કેટલાક ક્ષેત્રો મોસમી છે, જેમ કે લગ્ન અથવા કોઈ ફંકશનમાં આપણે નિયત સમય માટે જ કામ મળે છે. છેલ્લે, આ ૯ થી ૫ નોકરી નથી. સાંજે, અઠવાડિયાના અંતે અને રજાઓના કામ કરવાની આપનો તૈયારી હોવી જરૂરી છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. ધો ૧૦ બાદ ડિપ્લોમા એન્જીનિયરીંગ કરવા માટે કયા વિકલ્પો હોય શકે**
**- અભય રાઓલ, ગાંધીનગર**

સૌ પ્રથમ તો એક સ્પષ્ટતા ખાસ કરવાની જરૂર છે કે ડિપ્લોમાં એડમિશન માટે ફોર્મ જમા કરાવતી વખતે, કયા ડિપ્લોમાં કે કઈ કોલેજમાં એડમિશન જોઈએ છે તે પસંદગી દર્શાવવાની નથી. જ્યારે એડમિશન માટે બોલાવવામાં આવે ત્યારે જ આપણે આપણી પસંદગી (કયા ડિપ્લોમાં અભ્યાસક્રમ / કઈ સંસ્થા) દર્શાવવાની છે. સામાન્ય રીતે જે મિત્રો એન્જિનિયરિંગ ક્ષેત્રમાં જ કારકિર્દી ક્ષેત્રમાં જ કારકિર્દી બનાવવા ઈચ્છતા હોય, પરંતુ ધોરણ ૧૨ સાયન્સના અભ્યાસક્રમમાં ઓછા ટકા આવ્યા હોય કે ‘ધોરણ ૧૨ સાયન્સમાં ઓછા ટકા આવશે તો ’ એવી શંકા હોય તેઓ આ ધોરણ ૧૦ પછીના ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનું પસંદ કરે છે. ડિપ્લોમાં એન્જિનિયરિંગના કયા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવો તે સવાલ લગભગ દરેક વિધાર્થી કે વાલીને મૂંઝવે છે જ. કયો અભ્યાસક્રમ સારો તે કઈ રીતે નક્કી કરવું જો કે

કોઇ પણ ડિપ્લોમાં



અભ્યાસક્રમને સારો કે ખરાબ એમ વર્ગીકૃત ન જ કરી શકાય. જે અભ્યાસક્રમમાં માં વિદ્યાર્થીને રસ પડે તે જ કોર્સ સારો કહેવાય. દા.ત., ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ એ એક બહુ જ સારો અભ્યાસક છે જ. પરંતુ જે વ્યક્તિ જરા પણ ‘હાથ કાળા કરવા’ ન તૈયાર હોય તેને તેમાં જરા પણ રસ નહિ પડે. આથી આપણને જે અભ્યાસક્રમ માં રસ પડે તેવો જ અભ્યાસક્રમ પસંદ કરવો. કારણ જેમાં રુચિ હોય તે કોર્સમાં વધુ સારી રીતે અભ્યાસ કરી શકાય. આપણને કયા કોર્સમાં રસ પડશે અથવા કયો કોર્સ સારો રહેશે તે નક્કી કરવા તમારે જાતે જ રિસર્ચ કરવું પડશે અને કેટલાક સવાલોના જવાબ મેળવવા પડશે. જેમકે જે તે ડિપ્લોમાં અભ્યાસક્રમ માં શું શીખવવામાં આવે છે, જે તે કોર્સ કર્યા પછી ઉચ્ચ અભ્યાસની / સ્વરોજગારીની / નોકરીની તકો કેવી છે - કયા ફીલ્ડમાં છે આ સવાલોના જવાબ પરથી જ આપણી પસંદગીના ત્રણ-ચાર ડિપ્લોમાં અભ્યાસક્રમ નક્કી કરવા. આ અભ્યાસક્રમો કઈ શિક્ષણ સંસ્થાઓમાં ઉપલબ્ધ છે તે જાણી જે તે સંસ્થા વિશે પણ માહિતી મેળવવી. અને આપ જે તે ક્ષેત્ર ના આપ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ની પણ મુલાકાત લઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. મે આ વર્ષે જ ૧૨ સાયન્સની પરીક્ષા આપેલ છે.મારે સૉફ્ટવેર ઍંજિનિયર બનવું છે.માહિતી અપશો.**
**- આશુ ગુપ્તા, અમદાવાદ**

સૌપ્રથમ તો આપે સૉફ્ટવેર ડેવલોપર એ એન્જિનિયર ના અનેક ક્ષેત્ર માનું એક છે. માટે સૉફ્ટવેર ડેવલોપર બનવા માટે આપે ૧૨ સાયન્સ પછી કોમ્પ્યુટર અથવા આઈ.ટી એન્જિનિયર નો કોર્સ કરવો જરૂરી છે.એ સિવાય આપ બી.સી.એ અને પછી એમ.સી.એ પણ કરી શકો છો.ત્યાર બાદ પણ આ ક્ષેત્ર માં અનેક વિભાગ હોય છે જેમ કે સૉફ્ટવેર ડિઝાઈનર,સૉફ્ટવેર પ્રોગ્રામર, ડેવલોપર,હાર્ડવેર ઍંજિનિયર ,ક્વોલિટી મેનેજર વગેરે.આપ સૉફ્ટવેર ડેવલોપર તરીકે કારદિર્દી બનાવવા માંગો છો તો સૌપ્રથમ તો આપે વિવિધ પ્રોગ્રામ અને અલ્ગોરિધમ વિશે ઊંડાણ પૂર્વક અભ્યાસ જરૂરી બની રહેશે.એ માટે વિવિધ પ્રોગ્રામિંગ ભાષા નો ઉપયોગ થાય છે જેમ કે જાવા, પીએચપી, ડોટ નેટ,પાઈથન,સી પ્લસ પ્લસ વગેરે.આપ આ બધા માંથી કોઈ એક ભાષા પર પોતાનું પ્રભુત્વં જમાવી ને એના ઉપર સંશોધન કરી ને નવા નવા સૉફ્ટવેર અને વેબસાઈટ તૈયાર કરી શકો છો.એ માટે આપે વિવિધ અલ્ગોરિધમ અને કોડિંગ ઉપર પણ કામ કરવાનું થાય છે.બની શકે કે પ્રથમ પ્રયત્ને



આપ સફળતા પ્રાપ્ત ના પણ કરી શકો પણ વધુ માં વધુ કોડિંગ ની પ્રેક્ટિસ કરી અને અલ્ગોરિધમ નો અભ્યાસ કરી આપ એક ચોક્કસ સારા ડેવલોપર બની શકો છો.એક સારી કોલેજ માંથી જો તમે ઍંજિનિયર નો કોર્સ કરી આગળ વધો છો તો ચોકકસ પણે આપને એક રાષ્ટ્રીય કક્ષા ની આઈ.ટી સંસ્થા માં અથવા વિદેશ માં પણ સારી જોબ મેળવી શકો છો. . શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner